જા.નં.મા-૪/વ.સેમિનાર/૨૦૨૨-૨૩/૨૩૫૯૬-૯૭

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા.૩૦/૧૨/૨૦૨૨

પ્રતિ,
પ્રમુખશ્રી/અધ્યક્ષશ્રી/મંત્રીશ્રી,
સુરત જિલ્લા આચાર્ય મંડળ,
કલ્યાણજી વિ. મહેતા વિદ્યાલય,
ચલથાણ, તા.પલસાણા, જિ.સુરત.

**વિષય-:** શૈક્ષણિક અને વહીવટી સેમિનારની મંજૂરી બાબત
**સંદર્ભ-:** આપના તા.૨૦/૧૨/૨૦૨૨ નાં પત્ર અન્વયે.

જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સુરત જિલ્લા આચાર્ય મંડળ તથા જિલ્લા શિક્ષણાધિકારી સુરતના સંયુક્ત ઉપક્રમે નાણાકીય વર્ષ-૨૦૨૨-૨૩ માં શૈક્ષણિક અને વહીવટી સેમિનાર યોજવાની મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

સરકારશ્રીના શિક્ષણ વિભાગનાં તા.૦૨.૦૭.૧૯૯૯ ના ઠરાવના પરિશિષ્ટ-૨ (૧૪) અનુસાર હાજર રહેલ કર્મચારી દીઠ ડેલીગેશન ફી રૂ.૫૦૦/- અંકે રૂ. પાંચસો પુરા મંજુર કરવામાં આવે છે. જે ગ્રાન્ટના હેતુ માટે માન્ય રહેશે. ડેલીગેશન ફી અંગેની રસીદ અને હાજર રહ્યા અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

ઉક્ત ખર્ચ મળવાપાત્ર ઈતર ખર્ચની જોગવાઈ મુજબ ગ્રાન્ટને પાત્ર ગણવો જ્યારે નોન ગ્રાન્ટેડ શાળાઓએ આ અંગેનો ખર્ચ શાળા દ્વારા કરવાનો રહેશે.

**સેમિનારનું સ્થળ :- આર.એન.જી.પટેલ ઇન્સ. ઓફ ટેકનોલોજી, તાજપોર, તા.બારડોલી, સુરત.**
**તારીખ :- ૨૦/૦૧/૨૦૨૩ ને શુક્રવાર**
**સમય :- સવારે ૮.૩૦ થી સાંજે ૪.૦૦ કલાકે**

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિ-સુરત

**નકલ રવાના :**
આચાર્યશ્રી/આચાર્યાશ્રી,
સુરત જિલ્લામાં સમાવિષ્ટ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ